12

ISSN : 2320-8872

# લોકગુર્જરી

સળંગ અંક : સુડતાળીસ

(ત્રૈમાસિક : છઠ્ઠું વર્ષ, ચોથો અંક, માર્ચ-૨૦૧૮)

સંપાદક : ડૉ. બળવંત જાની



શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

# અનુક્રમણિકા

## વિભાગ-૧ : વનવાસી પરંપરા


| | | | |
|---|---|---|---|
| ૧. | ભીલી લોકસંગીત-લોકવાદ્યો | ડૉ. ભગવાનદાસ પટેલ | ૩ |
| ૨. | ભીલી ગીતવાર્તા : ઢોલા-મારુણી | ડૉ. દીપક રાવલ | ૧૦ |


## વિભાગ-૨ : ચારણી પરંપરા


| | | | |
|---|---|---|---|
| ૩. | ઝવેરચંદ મેઘાણી કેન્દ્રને કાગ એવૉર્ડ | વી.એસ. ગઢવી | ૨૧ |
| ૪. | ચારણી સંસ્કૃતિ અને સંસ્મૃતિ | ડૉ. અંબાદાન રોહડિયા | ૨૪ |
| ૫. | ચારણી સંસ્કૃતિ : વીરત્વપૂર્ણ કહેણી અને કરણી | દિનેશ માવલ | ૩૧ |
| ૬. | કુંવરોને તાગવાનો ગગાભાનો કીમિયો | પુલકેશી જાની | ૩૮ |


## વિભાગ-૩ : લોક પરંપરા


| | | | |
|---|---|---|---|
| ૭. | ઈસ્માઈલી સંત પીર સદરુદ્દીનકૃત 'દશ અવતાર'માં કૃષ્ણચરિત્રનું નિરૂપણ | ડૉ. બળવંત જાની | ૪૫ |
| ૮. | ઉત્તર ગુજરાતના મુસ્લિમ સંતોની સંતવાણી | ડૉ. ઋષિકેશ રાવલ | ૫૫ |
| ૯. | લોકગીતોમાં લોકસંસ્કૃતિ અને લોકતત્ત્વો | ડૉ. ભરત એની | ૭૭ |
| ૧૦. | કાઠિયાવાડના ઇતિહાસનો શકવર્તી ગ્રંથ : 'ઝાલાવંશવારિધિ' | ડૉ. પ્રદ્યુમ્ન ખાચર | ૯૦ |
| ૧૧. | ગુજરાતી ભક્તિ-પરંપરામાં સામાજિક સમરસતાનો પ્રકાશ | ડૉ. ભરત ઠાકોર | ૯૯ |
| ૧૨. | ભક્ત કવિ પુરુષોત્તમ | ડૉ. કે. એચ. કરમટા | ૧૧૦ |
| ૧૩. | લોકગીત - આસ્વાદ અને અવબોધ શ્રેણી - લોકગીત-ગુંજન : મણકો-૧૨ | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૧૧૪ |
| ૧૪. | મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર કાર્યવૃત્ત | ડૉ. અંબાદાન રોહડિયા | ૧૨૨ |

૮

# ઉત્તર ગુજરાતના મુસ્લિમ સંતોની કાવ્યવાણી

પ્રા. ઋષિકેશ રાવલ

મુસ્લિમ ધર્મમાં એવું કહેવાય છે કે, જ્યારે આ ધરતી ઉપર ધાર્મિક દૃષ્ટિએ અરાજકતાનું વાતાવરણ ફેલાય છે ત્યારે 'અલ્લાહ્તઅલા' એક એવી વ્યક્તિને આ પૃથ્વી ઉપર મોકલે છે કે, જે પોતાના ધાર્મિકજ્ઞાનના પ્રભાવથી સમાજમાં ફેલાયેલી આ ધાર્મિક અરાજકતાના અંધકારને દૂર કરી જ્ઞાન અને સચ્ચાઈનો પ્રકાશ ફેલાવી, ધર્મની તાજગી વિસ્તારે છે, ખુદાએ મોકલેલી આ વ્યક્તિને 'મજદીદ' કહેવામાં આવે છે.

ઉત્તર ગુજરાતમાં આ 'મજદીદ' રૂપે કવિ મીર મુરાદ, અનવર કાજી, શેઅરી પાલનપુરી, ગુલશન પાલનપુરી, પીર મશાયખ જેવા અનેક મુસ્લિમ સંતો થઈ ગયા કે જેમણે આ નાત-જાત કે ધર્મસંપ્રદાયના વાડાઓ તોડીને પરમતત્ત્વને પામવા માટે કે શિષ્યોને ઉપદેશ આપવા માટે જ સાહિત્યનું સર્જન કર્યું હતું. આ પરંપરા મુજબ ઈસ્લામ ધર્મ પાળતી મૌમિન કોમમાં ફેલાયેલી અરાજકતાને દૂર કરવા ઉત્તર ગુજરાતના કડી પાસેના જંત્રાલ ગામમાં ૧૫ મી એપ્રિલ ૧૬૫૦ ના સોમવારે સૈયદ પીર મશાયખનો જન્મ થયો હતો. તેમનું બાળપણ કડીના મોમીનપુરામાં પસાર થયું હતું અને માત્ર નવ વર્ષની ઉંમરે જ તેમના પિતાનું કરુણ અવસાન થયું હતું. પરંતુ, બાળપણથી જ તેમને સ્વપ્નોમાં ઈશ્વરના ચમત્કારોના